ગાંધીનગર સમાચાર
તા. ૪-૩-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### રાજકીય દંભ સામે પ્રજા જાગૃતિની આંધી પ્રગટાવીએ...

ચૂંટણીના દિવસો જેમ જેમ નજીક આવતા જાય છે તેમ બધા જ પક્ષોઅલગ અલગ દાવ અજમાવે છે. ક્યાંક જ્ઞાતિવાદ.. ક્યાંક પ્રદેશવાદ.. કયાંક ભાષાવાદ એમ અનેક પ્રપંચો ખેલવામાં કોઈ પાછું પડતું નથી! ભાજપના પ્રધાનમંત્રીપદના ઉમેદવાર નરેન્દ્રભાઈ મોદીએ મુઝફરનગરની રેલીમાં ભાજપની ઓળખ બદલતા કહ્યું કે, ભાજપ વાણિયા બ્રાહ્મણોની પાર્ટી નહીં પણ દલિતો અને પછાતોની પાર્ટી બની રહી છે. બીજી તરફ યુપીએ સરકારે વટહુકમ દ્વારા જાત-જાતિને અનામતનો લાભ આપવાની જાહેરાત કરી તેનો વિધિવત વટહુકમ પણ બહાર પડાયો. આર.જે.ડી.ના લાલુપ્રસાદ યાદવ પણ જાતિવાદની રાજનીતિ ખેલવામાં માહિર છે. માયાવતી દલિતો અને બ્રાહ્મણોના સમીકરણો રચી મતના કોથળા ભરે છે.. મુલાયમસિંહ મુસ્લિમોના તુષ્ટિકરણથી રાજનીતિ ખેલે છે... કોગ્રેસની વોટબેંક વેરણ છેરણ બનતી હોય તેમ લાગે છે... આમ મોટાભાગના પક્ષો પોતપોતાના રાજકીય રોટલા શેકવા દેશને અને સમાજને વહેંચી રહ્યા છે. વેતરી રહ્યાં છે. આજકાલ રાજકીય નેતાઓ પોતાના પ્રવચનોમાં આડેધડ બોલે છે.. બેફામ બોલે છે... ભાનવગર બોલે છે..પરિણામની પરવા વગર બોલે છે.. ભાડુતી શ્રોતાઓની આગળ ગમેતેમ ભાષણો ઓકતા નેતાઓ ન્યૂઝ ચેનલોમાં ભીડ બતાવી આંઝી નાખવાનો પ્રયાસ કરે છે. કોઈની પણ નીતિ અને નિયતમાં પ્રામાણિકતા નથી. વચનોની લ્હાણી કરી ભોળા દેશવાલીઓને ભોળવી મતના રાજકારણમાં જાતિવાદના દૂષણને સિફતપૂર્વક ઘુસાડી દેવાય છે. આ નેતાઓ અને આ પક્ષો દેશનું હિત તો કયારેય કરી શકે તેમ નથી. પરંતુ, જાતિવાદના કાર્ડ ખેલી સમાજજીવનને છિન્નભિન્ન કરી રહ્યાં છે. મતની ભીખ માંગનાર જુઠ્ઠુ બોલી સમાજને બહેકાવે છે. કરોડો રૂપિયાના વિમાનોમાં બાદશાહી ઠાઠથૂ ઘુમનારા નેતાઓ પોતાની જાતને ગરીબ કહેવડાવે છે. તેનાથી વધુ હળહળતું જુઠ્ઠાણું કયાં અને કયું હોઈ શકે! ભ્રષ્ટાચાર અને મોંઘવારીના નામે કોઈને પણ ભાંડવા માટે સરળતા રહે છે. પણ જો આ ભાષણોમાં આડેધડ બોલતા નેતાઓને એ ખબર નથી કે બીજાને ભ્રષ્ટાચારી કહેતા આ નેતાઓ પોતાના રોજિંદા ખર્ચમાં... પોતાની સરકારમાં.. કે પોતાના પક્ષમાં કેટકેટલા ભ્રષ્ટાચારોને પોષે છે. મોટેમોટેથી ભાષણ કરવા એક વાત છે અને ભાષણોના શબ્દોને ચરિતાર્થ કરવા એ બીજી વાત છે. આજના વહેંતીયા નેતાઓ પોતાના શબ્દોનું પણ પોતે પાલન કરી શકે તેમ નથી. એ દેશ સાંભળ્યું છે.. જોયું છે અને અનુભવ્યું છે. 'રાજકારણમાં આ બધું ચાલ્યા જ કરે.' એવું કહેનારા આપણે સૌ પ્રજાજનોએ જાગૃત બનવાનો સમય આવી પહોંચ્યો છે. બેફામ ભાષણો કરનારા નેતાઓને અટકાવવાનો સમય આવી પહોંચ્યો છે. ભ્રષ્ટાચાર અંગે મોટી મોટી ડંફાસો મારનાર નેતાઓના આ ભ્રષ્ટાચાર ખુલ્લા પાડવાનો અવસર આવી પહોંચ્યો છે. સમાજને વહેંચનારાઓને સબક શીખવાડવાનો આ સમય છે. જાતિવાદ ભાષાવાદ કે પ્રાંતવાદના નામે મતની ભીખ માંગનારાઓને રૂક જાઓ કહેવાનો આ મોકો છે. કરોડોની રેલીઓને સભાઓ કરનારાઓ ગરીબી માટે આંસુ સારી નાટક કરતાં અટકાવવાની આ તક છે. દંભીઓને ખુલ્લા પાડવા નાગરિકો સક્ષમ બને એ સમયની માંગ છે. સ્વાર્થ અને સત્તા લોલુપતા માટે પક્ષો બદલતા પક્ષપલટુઓને સ્થાન બતાવી દેવાનો આ સમય છે. ચૂંટણીની ચોપાટમાં મતદારોને પ્યાદાં ગણી રાજકીય શતરંજ ખેલતાં રીઢા રાજકારણીઓને સમયસર સબક શીખવવાનો અવસર ચુકવા જેવો નથી.

## સ્કૂલ ઓફ એચિવરનો ચતુર્થ વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૩ કુડાસણ ખાતે આવેલ સ્કૂલ ઓફ એચિવરનો ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમનો ચતુર્થ વાર્ષિકોત્સવ તા. ૨૮મી ફેબ્રુઆરી અને તા. ૧લી માર્ચે યોજાયો હતો. આ વાર્ષિકોત્સવમાં રાજ્યના ગૃહમંત્રી રજનીકાંત પટેલ અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.




વૈભવી શાળા કેમ્પસમાં ભવ્ય રંગમંચ સજાવટ અને રોશની પ્રકાશથી શણગારેલા પરિસરમાં ધામધૂમથી ઉજવાયેલ વાર્ષિકોત્સવમાં વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમો બાળકોએ રજૂ કર્યા હતા. જેમાં ગાયન, વાદન, નૃત્ય, અભિનય, પ્રાર્થના અને હાસ્યકૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કૂકડા ડાન્સ, ચાલો મેળે, રિસ્તા વહી સોચ નયી, રેટ્રો ડાન્સ, હોરર ડાન્સ, લુંગીડાન્સ, દેશભક્તિ ગીત, રોડો ડાન્સ, કોમેડી નાઈટ્સ વીથ જેઠાલાલ અને સમૂહ નૃત્ય પેઈન્ટીંગ ડાન્સ જેવા વૈવિધ્યસભર કાર્યક્રમો રજૂ કરાયા હતા. આ સ્પર્ધામાં પેરેન્ટસ ડાન્સ અને સ્ટાફ પરફોર્મ્સ જેવા નવતર પ્રયોગો પણ કરાયા હતા.

આ વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં શાળાના તેજસ્વી તારલાઓને ટ્રોફી આપી સન્માનવામાં આવ્યા હતા. તેમજ બેસ્ટ ક્લાસ અને બેસ્ટ હાઉસના શિલ્ડકપ પણ વિજેતાઓને એનાયત કરાયા હતા. આ વાર્ષિકોત્સવમાં ગાંધીનગરના ડીઈઓ વિનયગીરી ગોંસાઈ તથા કલ્પતરૂ પાવર કંપનીના વાઈસ ચેરમેન કમલ કિશોર જૈન પણ હાજર રહ્યા હતા. બેદિવસીય કાર્યક્રમનો પ્રારંભ બંને દિવસે બરાબર રાત્રએ આઠ વાગે શરૂ કરી દેવાયો હતો જે મોડી રાત્રી સુધી ચાલ્યો હતો.

## હરિની દૃષ્ટિ...




*ઉભા રહો, એને તેની આવક પુછો... અને ન્યુઝ પેપરમાં કોષ્ટક જોઇને નક્કી કરું કે, આ ગરીબ છે કે નહીં...!!*

## નર્સિંગ કોલેજમાં વિદાય સમારોહ યોજાયો

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

શહેરના સે. ૧૨ સિવિલ કમ્પાઉન્ડમાં આવેલી કડી વિદ્યાલય સંચાલિત સી.એમ.પટેલ નર્સિંગ કોલેજમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે જી.સી.એસ. નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ મુમતાઝ કુરેશી હાજર રહ્યા હતા. વિદાય લેતી વિદ્યાર્થિનીઓને જણાવ્યું હતું કે એક નર્સમાં સમર્પણની ભાવના હોવી જોઈએ અને નર્સ તરીકેનો સાચો ધર્મ બજાવવો જોઈએ. આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટરે પણ નર્સ તરીકે કારકિર્દી બનાવી આગળ વધવાની શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં કોલેજ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગરમાં ફ્રેન્ચ કલબની સ્થાપના

ગાંધીનગરમાં ફ્રેન્ચ કલબની સ્થાપના કરવામાં આવેલ છે. જેના ડિરેકટર તરીકે પ્રો. કુમારી માધવીબેન દવેની વરણી થયેલ છે. કો.ઓર્ડિનેટર ગુલાબચંદ ન. પટેલ(કવિ), પી.એમ. ચાવડા, ખજાનચી અમીન દવેની વરણી થયેલ છે. કલબની કામગીરી વિગતો ફેસબુક પર રજૂ કરવામાં આવે છે. ફ્રેન્ચ ભાષામાં રસ ધરાવનાર કોઈપણ વ્યક્તિ કલબમાં જોડાઈ શકશે. ફ્રેન્ચ ભાષાની તાલીમ ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ મેળવેલ છે. વિના મૂલ્યે તાલીમ આપવામાં આવે છે. ફ્રેન્ચ કલબની મીટીંગ મહાત્મા મંદિર ખાતે દર મહિનાની પહેલાને ત્રીજા રવિવારે સાંજે મળે છે.

## હરિનગર સોસાયટી વાવોલમાં બોર્ડના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૩ નગરની પાસેના વાવોલમાં આવેલી હરિનગર સોસાયટીમાં ધોરણ-૧૦, ૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. હરિનગર ઓનર્સ એસોસીએશન દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

બોર્ડની પરીક્ષાના ઢોલ વાગી રહ્યા છે ત્યારે વિદ્યાર્થીઓ માટે કઠીન ગણાતી પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ વધુ ગુણ પ્રાપ્ત કરે તે માટે શહેરમાં વિવિધ સોસાયટીઓ, શાળાઓ અને સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓ હતાશામાં ગરકાવ ન થાય તે હેતુથી શુભેચ્છાઓ પાઠવતા હોય છે.

ગાંધીનગર પાસે આવેલ વાવોલની હરિનગર સોસાયટીમાં બોર્ડની પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. હરિનગર સોસાયટીમાં વસતા રહિશોના જે બાળકો બોર્ડની પરીક્ષા આપવા જઈ રહ્યા છે તે બાળકો માટે સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

સોસાયટીના કાર્યાલય ખાતે ગઈ તા. ૨ માર્ચના રોજ પ્રમુખ કચરાજી ગોલની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે દરેક વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં રમેશભાઈ જયસ્વાલ, કેશરબેન, પ્રવિણસિંહ વાઘેલા સહિત સોસાયટીના સભાસદો રહિશો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જે.એમ. ચૌધરી વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ટેકવેન્ડોમાં ગોલ્ડ, સિલ્વર, બ્રાંચ મેડલ મેળવ્યા



શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ૬ વિદ્યાર્થીનીઓએ અમદાવાદ ખાતે ટેકવેન્ડો રમત યોજાઈ હતી. જેમાં ભાગ લીધો હતો. ગોલ્ડ, સિલ્વર અને બ્રાંચ મેડલ પ્રાપ્ત કરેલ છે.

અંજના ચૌધરી ગોલ્ડ મેડલ, નીપાએ ચૌધરી ગોલ્ડ મેડલ, હિના બી. ચૌધરી સિલ્વર મેડલ, રીયલ જે. ચૌધરી સિલ્વર મેડલ, શીતલ કે. ચૌધરી બ્રાંચ મેડલ, કિંજલ કે. બ્રાંચ મેડલ મેળવેલ હતો.

આચાર્યા સંતોકબેન ચૌધરી તથા લીલાબેન ચૌધરી, વિનાક્ષીબેન સુતરીયાએ અભિનંદન પાઠવેલ હતા.

## ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલનો નવમો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૩ ગાંધીનગરથી માણસા તરફના રોડ પર રાંધેજા પાસે આવેલ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલનો નવમો વાર્ષિકોત્સવ આજે સે-૧૭ના ટાઉનહોલ ખાતે યોજાયો હતો. આ વાર્ષિકોત્સવની થીમ 'ભકિત ગાથા' હતી જે પ્રભુ ભકિત પર આધારિત હતી. ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વાર્ષિકોત્સવમાં ગુજરાતી ફિલ્મ ઈન્સ્ટ્રીઝના અભિનય સમ્રાટ તરીકે જાણીતા પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમની શરૂઆત મંગલદિપ પ્રાગટયથી કરવામાં આવી હતી. જેમાં ઉપેન્દ્ર ત્રિવેદીની સાથે શાળાના ટ્રસ્ટના ચેરમેન, મેનેજીંગ ડિરેકટર, શાળાના આચાર્યા, વાઈસ પ્રિન્સીપાલ વગેરે પણ દિપ પ્રાગટય માટે જોડાયા હતા. 'ભકિતગાથા' થીમને આધારિત કાર્યક્રમમાં 'નારાયણ નારાયણ' ની ધુમ કરતા સમગ્ર બ્રહ્માંડમાં હાજરી આપતા નારદમુનિએ પરમાત્માના સ્વરૂપને પૃથ્વીલોકમાં સજ્જનોને ધર્મના માર્ગે દોરી ખૂબ જ ભકિત ભાવભરી શરૂઆત કરી વાતાવરણને અલૌકિક બનાવી દીધું હતું. બાળકોએ આ કાર્યક્રમમાં પરમાત્મા સ્વરૂપીય પાત્રો રજૂ કરી ધાર્મિક માહોલમાં હાજર સૌને તરબોળ કર્યા હતા. 'સત્યમ્ શિવમ સુંદરમ્'ની ધૂનમાં વિવિધ અવતારોએ દિવ્ય જયોત વડે દિવ્ય જીવનની આરાધના કરતા સૌને આર્શીવાદ આપ્યા હતા.

આ વાર્ષિકોત્સવ દરમિયાન શાળામાં શૈક્ષણિક અને કલાક્ષેત્રે વિશિષ્ટ પદાર્પણ કરનાર તેજસ્વી તારલાઓને એવોર્ડ આપી સન્માનવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં બાળકોએ ખૂબ જ જહેમત ઉઠાવી સુંદર કૃતિઓ રજૂ કરી હતી. શાળાના આચાર્યા રંજન વૈદ્યે તમામ શિક્ષકો અને કાર્યક્રમના કસબીઓનો આભાર માન્યો હતો.

## સંસ્કૃતિ સંસ્થા દ્વારા કવિ સમિપે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર શહેરની સ્થાપનાની સુવર્ણ જયંતિ ઉજવણી અંતર્ગત સંસ્કૃતિ સંસ્થા ગાંધીનગર દ્વારા ગુજરાતી ભાષાના યુવા અને તેજસ્વી કવિઓના સાનિધ્ય હેઠળ કવિ સમિપે કાર્યક્રમ તા. ૭ માર્ચ, શુક્રવાર રાત્રે ૯.૦૦ કલાકે ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવનાર છે. જેમાં ગુજરાતના નામાંકિત કવિઓ ભાગ્યેશ જહા, ગૌરાંગ ઠાકર, કુલદિપ કારિયા, પંકજ મકવાણા, નરેશ સોલંકી, મહોમંદતાહા મનસુરી, લક્ષ્મી ડોબરિયા, જ્યોતિ અમીન, તેજસ દવે અને ભાવેશ ભટ્ટ તેમની કવિતાઓથી રસ તરબોળ કરશે.

## કડી સર્વ વિદ્યાલય સંકુલની શાળાઓનો સંયુકત વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૩ સે-૨૩માં આવેલ કડી સર્વ વિદ્યાલય કેમ્પસની શાળાઓ સી.એમ. હાઈસ્કુલ, આર.જી. કન્યા વિદ્યાલય અને એમ.બી. પટેલ અંગ્રેજી માધ્યમનો સંયુકત વાર્ષિકોત્સવ આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના યજમાન પદે યોજાયો હતો. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ કનુભાઈ પટેલ અને અમદાવાદની સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગના નિવૃત્ત નિયામક ડૉ. શીલીન શુકલ ઉપસ્થિત રહ્યા હતાં.

શાળાના વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કાર સિંચન તેમજ રાષ્ટ્રિય ભાવનાઓનો વિકાસ થાય તેવી 'રાષ્ટ્રીય વંદના' થીમને આધારિત કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. શેઠ સી.એમ. હાઈસ્કૂલના ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ વિવિધતામાં એકતા આધારિત સુંદર કૃતિ રજૂ કરી હતી. વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં ચારેય શાળાના ધોરણ ૯ થી ૧૨માં વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું.

આ કાર્યક્રમમાં ડૉ. ઉષાબહેન શુકલ, ઘનશ્યામભાઈ પટેલ, હિનાબહેન પટેલ, રસિકભાઈ પટેલ તેમજ તારાબેન પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. ઉષાબહેન શુકલએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીઓની આંતરિક શકિતને સુંદર રીતે અભિવ્યક્ત કરીને જીવનના ઉદ્દેશોને પારખવાની અને તેને પાર પાડવાની શીખ આપી હતી. ડૉ. શીલીનભાઈ શુકલએ 'કર ભલા, હોગા ભલા'ના મહામંત્રને જીવનમાં ઉતારવા અને તેને ચરિતાર્થ કરવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી.

# ફકર કી જો ફાકી કરે, ઉસકા નામ ફકીર...

'.... જે પીડ પરાઈ જાણે રે..' ગાંધી પ્રિય ભજનોના કાર્યક્રમમાં બે વર્ષ પહેલાં ભાવનગરના ગાયકો આયોધ્યાદાસ અને રામસેવકદાસ આવ્યા હતાં અને એમણે અનન્ય ગાંધીવંદના કરી હતી. આજે એનું એ જ ગાયકવૃંદ ભજનની આહલેક જગાવવાં 'કલા ગુર્જરી' અને 'સૌરાષ્ટ્ર કચ્છ સેવા'ના આમંત્રણને માન આપી પધાર્યા હતાં. ભોલેનાથનો ભક્તિમય પર્વ 'શિવરાત્રી'ના પવિત્ર દિવસના અનુસંધાને સંત પરંપરાના અમુલ્ય વારસાને ગાંધીનગરનાં શ્રોતાઓ સમક્ષ રજૂ કરવાનો અને ભજનથી ભક્તિ માર્ગે શિવકલ્યાણના મહિમા સાથે આ કાર્યક્રમ યોજાયો.


ભકત સમાજમાં સારાં માઠાં પ્રસંગે ભજન કિર્તન કરવાનો સારો રિવાજ છે. મનુષ્ય ભવ તરવાના સાધનોમાં જ્ઞાન, વૈરાગ્ય ભાવ, ભક્તિ, ભારતીય સંસ્કૃતિએ અનેક મોટાં પૌરાણિક શાસ્ત્રીય ગ્રંથો જેવાં કે ઉપનિષદ, શ્રુતિઓ સ્મૃતિઓથી માંડીને રામાયણ, મહાભારત, ભગવત ગીતા જેવાં ગ્રંથો ઋષિમુનિઓએ બનાવેલાં છે. પણ તે બધા વિદ્વદ્ ભોગ્ય છે. એ સામાન્ય જનતા સમજી શકે નહીં એટલે સંતોએ આમ જનતાનાં કલ્યાણાર્થે ભજનો રચ્યાં. તેને નૃત્ય અને સંગીત સાથે સજાવી, પ્રભુના નામ સાથે જોડતાં, ભક્તિભાવ નિર્માણ થયો...કરને કો અબ સાથે થઈ... 'તુલસી ઈસ સંસારમેં ભાત ભાત કે લોગ, સબસે હીલમીલ જાઈએ નદી-નાવ- સંજોગ..'ની તુલસીની ચોપાઈ સાથે 'રામ નામ સંભાર, ગુરુ ગમ પાયો, જુગ તે કરે જદુરાય'નો રચના એટલે રામ નામે પથરા તરવાની વાત...! હંસલા હાલોને હવે મોતીડા નહીં રે મળે, આતો ઝાંઝવાના પાણી, આશા જુઠી રે બંધાણી, ની ભક્તિ રચનામાં 'કાયા કાયા ભલે રે બળે, માટી માટીને મળે..'નો અંતરો ક્ષણભંગુર જીવનનો અંગુલી નિર્દેશ કરતો હતો...

'ગોકુળ મથુરા મારું ગામ છે રે લોલ, નાની વણઝારી વળી નામ છે રે લોલ, મેં તો લાખોના ચૂડલા ચઢાવ્યાં રે લોલ, પહેરીને બતાવું મારા નાથને રે લોલ...' ગરબા ઢાળમાં આ ભજનને ઉન્નતી સિંચડીયાએ રજૂ કર્યું... 'ચાલો વિદૂર ઘેર જઈએ ઓધવજી, બંટીનો રોટલો ને તાંદળજાની ભાજી, વિધી નિધી ભોગ લગાઈએ...'નો દમદાર રજૂઆત અયોધ્યાય દાસે કરી.. 'વિજળીનાં ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ, અચાનક અંધારા થાશેજી..' સંગીતનાં ડૉકટરેટ એવાં ડૉ. ભાવનાબેન મહેતાએ એમનાં રિયાઝ અંદાજમાં રજૂ કર્યું અને ભરપૂર તાળીઓનાં ગડગડાટથી એને શ્રોતાઓએ પોખ્યું...

'ફિકર ફિકર સબ કરે, ફિકર સબકા પીર, ફિકર કી જો ફાકી કરે, ઉસકા નામ ફકીર' અને 'કબીર ખડા બજાર મેં માંગત સબકી ખૈર, ના કીસીસે દોસ્તી, ના હી કીસી સે બૈર..' જેવા દોહા સાથે 'મન લાગો મેરા યાર ફકીરી મેં...'ને ભક્તિમાં તલ્લીન થઈ અયોધ્યાયાદાસે ગાયું અને એમાં ફલ્યુટ વાદકે અનોખી પીસ વગાડતાં શ્રોતાઓએ તાળીઓથી સાથ પણ પુરાવ્યો અને કલાકારને વધાવી લીધો... મીરાંબાઈની રચના 'એરી મેં તો પ્રેમ દિવાની મેરા દર્દના જાને કોઈ, ના મૈં જાનુમ આરતી વંદના, ના પૂજા કી રીત, મેં અનજાની દર્દ દિવાની...' મીરાંબાઈ એકતારો લઈ કૃષ્ણના પ્રેમમાં તલ્લીન થઈ ગયાં હોય. બસ, એવો જ ભક્તિથી છલકાતો માહોલ બની રહ્યો...

### 'કલા ગુર્જરી'ના 'હાલો મારાં હરિજનની હાટડીએ'ની સંતવાણીમાં ભજન-કિર્તનમા અયોધ્યાદાસ અને ડૉ. ભાવના મહેતાના મધુર કંઠે પ્રાચીન પરંપરાના ભજનોએ ભક્તિરસ ઘોળ્યો: 'ભાણ સાહેબ'ની ભજન મંડળી અને ડૉ. નિરંજન રાજયગુરુની 'ઝાલર'ની રજૂઆત કાર્યક્રમનું આકર્ષણ બની રહી...

'પિયાજી મારે નૈના..'ની શાસ્ત્રીય પ્રસ્તુતિ નિષ્ણાંત ડૉ. ભાવનાબેન મહેતાએ કરી અને આ અતિ સુંદર રચના વખતે આંચકા જમક બાબત એ રહી કે આ ગીત અગાઉ જ તબલાની સંગત કરતા જવલંત ભટ્ટનાં વખાણ થયેલાં અને વખાણેલી ખીચડી દાઢે વળગે એમ આમણે આ રાગ વખતો તબલાનો તાલ જ બદલી નાંખેલો, મોટા ભાગે સંગીતકારો, વાદકો, ગાયકોને સાચવતાં હોય છે પણ આમાં ગાયકે તબલચીનો તાલ બદલાવવો પડ્યો... આ ગીતની અસરમાં આવેલું ભજન 'હા ચાલી ભરવાને પાણી, બોલાવે સદ્ગુરુ જ્ઞાની..' થોડું ઝાંખુ પડયું.



ઉઘડતે પડદે
—સંજય થોરાત
hellogandhinagar@gmail.com

સુરેન્દ્રનગરના વરાહી ગામના લોહાણા જ્ઞાતીના ભાણા ભગતને રામમંત્રની દિક્ષા મળી અને એમની શિષ્ય પરંપરાને 'સાહેબ' તરીકે ઓળખ મળી અને ભાણ સાહેબે વરાહીમાં ગાદી સ્થાપી. તેમનાં પુત્રો રવિ સાહેબ અને ખીમ સાહેબ એમ બે પરંપરા શરૂ થઈ. રવિભાણ એ સમર્થ સંત હતા અને એમણે રાપર, વરાહી, શેરખી, ખંભાળીયા, કમીજડા, વડોદરા, વાંકાનેર વગેરે સ્થળોએ એમની શાખાઓ વિકસાવી અને ત્યારથી રવિભાણ પરંપરા જળવાઈ જેને લગભગ ૩૦૦ વર્ષ થઈ ગયાં. એ પૈકીની કમીજણા ભાણ સાહેબ મંદિરની ભજન મંડળી પારંપરીક વેશમાં ભજનો લલકારવાં તૈયાર હતી.

રવિભાણના આ આઠ ગાયકો તળપદા સ્વર-તાલમાં પારંપરીક સંતવાણી સાથે શ્રોતાઓની સાથે પોતાની જાતને ભજન સંભળાવવાં આવ્યાં હતાં.એક તારો, રામસાગર, મંજીરા, તબલાંના ઠેકા સાથે 'દુનિયા લાગે છે મને ખાલી ખાલી..' અને 'રવિને કહે જે હું જઈ બેઠો દરિયાના તીરે...' અને એક લયમાં ગવાયેલું 'ભેદ આગમનનાં કહો રે સાધુ, ગગન મંડળમાં નોબત વાગે...' બધીજ રચનાઓ એકદમ નવોજ અનુભવ કરાવનારીરહી. પરંપરીત ભજનવાણીનાં સર્જકો-સંતો- ભકતો લોકકવિઓની વાણી આજેય ગામડાંના લોકભજનિકોની મંડળીઓમાં કંઠસ્થ પરંપરાથી ગવાતી રહી છે. આ સત સાહિત્યની જાળવણી મારેટ વર્ષોથી ડૉ. નિરંજન રાજગુરુ કામ કરી રહ્યા છે. ડૉ. નિરંજન મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પરંપરાનું ખૂબ ચીવટ અને પરિશ્રમ પૂર્વક અધ્યયન કરનારાં સૂઝ સમજવાળા સંશોધક છે અને બીજી તરફ એકદમ અલગારી મરમી ભજન ગાયક છે.

ઝણઝમ ઝાલર વાગે વાગે... ડૉ. નિરંજન રાજયગુરુએ અસ્સલ અલગારી અલખનાં મિજાજમાં ગાયું અને આ રચના કાર્યક્રમની શ્રેષ્ઠ રજૂઆત બની રહી. આ ગીત બાદ એમણે કલાકારોની પરિચય કરાવ્યો જેમાં રામાનંદી સાધુ પરંપરાના ગાયક અયોધ્યાદાસ, શાસ્ત્રીય ગાયનમાં ભારતીય સંગીતનું આધ્યાત્મમાં મહત્વ જેવાં વિષય સાથે ડૉકટરેટ થનારા યુવા ગાયીકા અને મંદબુદ્ધિના બાળકોને સંગીત થેરપીથી સાજા કરતાં ડૉ. ભાવના મહેતા. હવેલી-સુગમ- લોક સંગીત સૌને સરખો ન્યાય આપતાં ઉન્નતિ સિચડીયાનો વિસ્તૃત પરિચય કરાવ્યો.

'નવ દરવાજા નવીએ રમત, દસમેં બોલે બોલે, વિના રે તારે, વિના રે તંબુડે, વિના મુખડે મોરલી બજાયે...' અદ્ભુત રચના બની રહી. શિવરાત્રીની યાદ તાજી કરાવતું 'ભોળાને ભજે જીવ દિનરાત, શિવને ભજો, કરે છે શિવજી તાંડવ નાચ..' ભર્તિના આયામ જેવું રહ્યું તો 'કબ આઓગે કૃષ્ણમુરારી, આસમાન મેં બૈઠેં અબ હમ પ્યારે..' અને તરત જ આવેલું 'ઘૂંઘટ કે પર ખોલ, તોહે પિયા મિલેંગે..' મમળાવવા જેવું રહ્યું.

આયોધ્યાદાસનાં ઘૂંટાયેલા સ્વરે 'હેં જગ જનની મા, હે જગદંબા, માત ભવાની શરણે લેજે, શક્તિ દેજે મા, ભકિત દેજે, દુનિયાના દુ:ખ સહેવા દેજે..' અને પછી 'ઓમ નમઃ શિવાય, અજબ હૈ તેરી માયા કૈસા ખેલ રચાયા' અને અંતમાં કાર્યક્રમનું શિર્ષક ગીત એટલે કે, 'હાસો મારા હરિજન હાટડીએ...' બધાંએ એક સૂરમાં રેલાવ્યું અને પારંપરિક ભજનનો કાર્યક્રમ સંપન્ન થઈ ગયો. સંગત સંચાલક ડૉ. નીરવ પંડ્યાએ સંગત પુરાવી પણ આજના ત્રણેય ઉચ્ચ કોટિના ગાયકો સામે વાદકો એમની રેન્જમાં ના આવી શકયા, પણ કાર્યક્રમ ભક્તિભાવથી સભર બની રહ્યો.. કલા ગુર્જરીના આયોજકો અભિનંદનને પાત્ર છે જેમણે પારંપરિક ભજનો સાથે 'રવિભાણ' પરંપરાના ભજનીકોને બોલાવી એક નવોજ રસાસ્વાદ કરાવ્યો... ઘોઘાવદૂરમાં 'સંત નિર્વાણ ફાઉન્ડેશન'માં સાહિત્ય પરંપરાનું સંવર્ધન, સંશોધન કરી ત્રણ હજારથી વધુ ભજનોને ખંતપૂર્વક સંગ્રહીત કરનારાં ડૉ. નિરંજન રાજયગુરુ અને એમની રચના આજનું શ્રેષ્ઠ સંભારણું બની રહ્યું હતું.